# ગાંધીનગરે ગ્રીનસીટીનું બિરૂદ ગુમાવ્યાનું દુઃખ છે

## સેક્ટરોના દવાખાના બંધ થયા, વૃક્ષો કપાયા, ગાંધી વિચાર અને ખાદી ખોવાયા, સાબરમતી સૂકાઈ ગઈ, આડેધડ ખર્ચાએ શહેરની દુર્દશા કરી છે : શહેરના ધારાસભ્ય ડો. સી.જે. ચાવડાએ વિશેષ મુલાકાતમાં ખૂંચતી અને ખુટતી વાતો વાગોળી

## ગાંધીનગરની વર્ષગાંઠે શહેરના ધારાસભ્ય ડો. સી. જે. ચાવડા સાથે વિશેષ મુલાકાત

**પ્રશ્ન : ગાંધીનગર શહેરના ૫૬ મા જન્મ દિવસે આપને કેવી અનુભૂતિ થાય છે ?**

ડો. સી.જે. ચાવડા : ગાંધીનગર શહેરનો સ્થાપના દિવસ છે એટલે આનંદ હોય એ સ્વાભાવિક જ છે. આ શહેરનું હું પ્રતિનિધિત્વ કરૂ છુ એટલે સવિશેષ આનંદ હોય એ પણ સ્વાભાવિક છે. આજના આ ઐતહાસિક દિવસે મારે ગાંધીનગરની જનતાને ખાસ અભિનંદન એ વાતને લઈ આપવા છે એક જન્મ દિવસના અને બીજુ નગરજનોને તેમની સહનશક્તિ માટે અને સૌથી વધુ અભિનંદન આ નગર માટે જમીન ગુમાવનારા અસરગ્રસ્તોને તેઓ હજુ પણ તેમના વણ ઉકલ્યા પ્રશ્નોને લઈ સતત લડી રહ્યા છે.

**પ્રશ્ન : ગાંધીનગર શહેરે વિકાસની જે ગતિ પકડી છે તેને લઈ કંઈ કહેશો**

ડો. ચાવડા : ગાંધીનગરે વિકાસની ગતિ પકડી છે કે પછી અધોગતિનો માર્ગ.

પ્રશ્ન : કેમ આવુ બોલો છો ? વિકાસ થયો જ છે ને એ તો સ્વીકારવો પડે ને ?

ડો. ચાવડા : તમે જેને વિકાસ કહો છો તેને હુ અધોગતિનો માર્ગ કહુ છુ. સાંભળો એશિયાના ગ્રીનસીટીનું બિરૂદ ગુમાવ્યુ; સેક્ટરોમાં ચાલતા દવાખાના બંધ થયા; ગાંધીનગરમાં છેલ્લા વીસ વર્ષમાં કેટલા વૃક્ષોનું છેદન થયું; પી.પી.પી. મોડેલ પર વિકાસ કોનો થયો ? પ્રજાને શું મળ્યું ? મહાત્મા મંદિર એ સારૂ બનાવ્યુ છે પણ આ સ્થાને સ્વ. અમરસિંહ ચૌધરીના શાસનમાં એક મ્યુઝીયમ બનાવવાનો નિર્ણય લેવાયો હતો જ્યાં આઝાદીના સંગ્રામમાં ગુજરાત, મહા ગુજરાત ચળવળની વણકથી વાતો; ગુજરાતની ઐતિહાસિક વિરાસત વિગેરેને લઈ પણ તેમાંનું કંઈ થયુ ના ? વાતો અસ્મિતાના નામે કરવાની અને અસ્મિતા લોકોને ભૂલાવી દેવાની એ જ છેલ્લી વીસ વર્ષની સરકારોએ કર્યુ છે.

સરદાર પટેલ ભવન હતુ તો સ્વર્ણીમ સંકલ્પનો ખર્ચ કરવાની ક્યાં આવશ્યકતા હતી ? જવા દો બધી વાતો કરીશુ તો તમને સમય પણ ઓછો પડશે એટલુ જ નહિ પણ સાચુ બોલવુ નહિ અને સાંભળવુ નહિ એ નીતિથી રાજ્યનું શાસન ચાલે છે. ગાંધીની સ્મૃતિમાં રચાયેલા નગરમાં ગાંધી વિચાર અને ખાદી વિસરાયા છે, સાબરમતી પણ સૂકાઈ ગઈ છે, જોતા નથી તમે.

**પ્રશ્ન : તમારી દૃષ્ટિએ ગાંધીનગરના પ્રશ્નો ક્યા છે ?**

ડો. ચાવડા : ગાંધીનગરના પ્રશ્નો ઘણા છે. ગાંધીનગરની વસ્તી વધી પરંતુ તેની સાથે તેના પ્રાણપ્રશ્નો પણ વધ્યા છે. સેક્ટરોની ઈન્કવાયરી કચેરીઓ બંધ થઈ ગઈ !, સરકારી ભરતી બંધ !, ગાંધીનગરની અસ્મિતા ખોવાઈ ગઈ !, સાબરમતી નદીના તટે વસેલા નગરમાં નગરજનોના મનમાં સાબરમતી નદી પણ વિસરાઈ જશે ! પાણીના પ્રશ્નો; સફાઈના પ્રશ્નો; સર્કલોની સફાઈ થાય છે ક્યારે તેની ખબર નથી; સીટી બસ સેવાઓ નિયમિત નથી; સેક્ટરોના વિકાસ માટે શુ પગલાં લેવાયા; શહેરના યુવાઓના રોજગાર માટે શું પગલાં લેવાયા; સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ ઝોનમાં જે ઔદ્યોગિક ગૃહોને જમીન આપી તેમાં શરતભંગ કરનારાઓ સામે શું પગલાં લેવાયા; આ ઝોનમાં કેટલા એકમો કાર્યરત થયા અને કેટલા સ્થાનિકોને રોજી મળી એટલે જ મેં તમને આરંભમાં કહ્યું કે આ ગ્રામજનોને અભિનંદન તેમની સહનશક્તિ માટે આપવા પડે. કોંગ્રેસે તો અહિ ઈલેટ્રોનિક્સ અને એન્જીનીયરીંગની ઔદ્યોગિક વસાહતો બનાવી હતી અમે સાર્વત્રિક વિકાસની વાતને આગળ કરી નગરને વિકસાવ્યુ હતુ.



**પ્રશ્ન : હવે તો વિકાસ થયો એટલે તો હદ વધારવાનો પણ નિર્ણય કર્યો ને..?**

ડો. ચાવડા : વાહ; તમે પણ સાચુ સાંભળવા માટે અને વાતને ટાળવાનો સારો પ્રયાસ કરો છો. મનપા અને પા.યો.વિ. તેમજ અન્ય વિભાગો વચ્ચે સંકલન છે ખરૂ ? કોણે કઈ કામગીરી કરવી તેના સ્પષ્ટ નિર્ણયો થયા છે ખરા ? હદ વધારવાનો નિર્ણય તો એનીમીક માતા એક એનીમીક બાળકની માતા બની એના જેવો છે જે ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત કે આયોજન મંડળ કે એ.ટી.વી.ટી.થી થતા વિકાસ કામો અટકી ગયા એટલુ જ નહિ પંચાયતી રાજની આઝાદી છીનવાઈ, તા.પં.ના સભ્યો માટે હજુ સરકાર બે મહિના થવા આવ્યા નિર્ણય કરી શકી નથી. મનપામાં ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખના ક્લહની વાતો તમે છાપાઓમાં નિયમિત વાંચો જ છો ને ? મનપાની આર્થિક ક્ષમતા નથી પણ તેમના પક્ષની આંતરિક લડાઈને છુપાવવા આવો અધકચરો નિર્ણય કર્યો છે. મનપા ૧॥ મહિને તો ગ્રામ્ય વિસ્તારનો ચાર્જ લેવાની મથામણમાં છે તો સેવાઓ ક્યારે કાર્યરત કરશે. ૧૫ મા નાણાં પંચની ગ્રાન્ટમાં આ ભેળવાયેલા ગામોએ રૂ. ૧૦ કરોડની ગ્રાન્ટ ગુમાવી; હવે સાંભળો જે ગામો પહેલાં સમાવાયેલા હતા તેના પ્રશ્નો હજુ વણ ઉકલ્યા છે. પ્રોપર્ટીકાર્ડ પણ અપાયા નથી અને નવા ગામોનું શું થશે તેની કલ્પના કરો.

માત્ર ને માત્ર રાજકીય રોટલો શેકવા આ હદ વધારાનો નિર્ણય લેવાયો છે, પ્રજા તેમને ઓળખી ગઈ છે. અને એટલે જ દરેક વખતે કોંગ્રેસના લીધેલાઓને મેયરપદ આપી સત્તા મેળવવાના ત્રાગડા કર્યા છે. નગરમાં જે ભુવા પડ્યા છે તેના કારણોની તપાસ થાય તો કિસ થયો છે કે ખિસ્સા ભરાયા છે તે ખબર પડી જશે.

**મુલાકાત - સંકલન : પ્રકાશ જહા**

પ્રશ્ન : તમે માનો છો કે પાટનગરને અન્યાય થાય છે

ડો. ચાવડા : માનુ છુ નહિ હું તો સતત કહેતો આવ્યો છુ - મનપાને મકાન માટે જમીન નથી ફળવાતી; જિલ્લા પંચાયત માટે જમીન નથી તાલુકા પંચાયત માટે વિચારવાની વાત નથી પણ ઉદ્યોગગૃહો માટે જમીન છે. શૈક્ષણિક વિકાસ માટે પણ જમીન નથી કેટલી પ્રા. શાળાઓ બંધ થઈ ખબર છે; શહેરમાં કે તેની આસપાસ જાવ તો ખબર પડે ને શું સ્થિતિ છે ?

**પ્રશ્ન : આજે તમારી માંગણીઓ શું છે તે સ્પષ્ટ કહો ને...**

ગાંધીનગરમાં વધુ બે હોસ્પિટલ બનાવો જેથી આરોગ્યની સેવાઓ સઘન બને, નવા ભેળવાયેલા વિસ્તારોમાં આ હોસ્પિટલો બનવી જોઈએ. ગાંધીનગર શહેર સાબરમતી નદીના કિનારે વસેલુ છે તો સાબરમતીને વહેતી કરો; ગાંધી વિચારધારાને જીવંત રાખવા નક્કર કાર્યવાહી થવી જોઈએ; મનપાને સેવાઓ સોંપો; મનપાને સ્વાયત્ત રીતે વિકસાવો એના અધિકારો આપો; શુદ્ધ પીવાનું પાણી આપો; ઉદ્યોગગૃહોને સસ્તા દરે આપેલી જમીન પાછી લઈ તેમાં કર્મચારીઓને આવાસ માટે જમીન આપો; પાટનગરના યુવાનો માટે ખાસ રોજગાર નીતિ બનાવો; પોલીસ સેટઅપની વિચારણા કરી જરૂરી સુધારાઓ સાથે ભરતી કરો.

પણ સરકાર કશુ નહિ કરે એવો મને વિશ્વાસ અને શ્રદ્ધા છે સરકાર માત્ર ખોખલી વાતો કરી સંવેદનાઓ સાથે ખિલવાડ જરૂર કરશે. નિર્ણાયક સરકાર નિર્ણય નહિ કરવાનો નિર્ણય કરીને બેઠી છે એટલે પ્રશ્નો નહિ ઉકલે અને નગરમાં પ્રશ્નો વધશે. ગટરની સમસ્યાને ઉકેલવાનો પણ પ્રયાસ થયો નથી, ઝુંપડાવાસીઓને વસવાટ આપવાનો પ્રશ્ન ઉકલ્યો નથી. પાણી-ગટર અને રસ્તાના પ્રશ્નો ઉકેલવાની સત્તા પણ મનપા પાસે નથી.

તમારા પ્રશ્નોના ટુંકમાં જવાબ કહુ તો મને પેલી કવિતા યાદ આવે છે કે

**કોણ બોલે અને કોણ સાંભળે**
**અહિ શબ્દ બિચારા હોઠ પર બેસી ફફડે...**

બહુ બોલાવશો નહિ. આ નગરની મનપા અને સરકાર બન્ને ધક્કા ગાડી છે જેટલો ધક્કો વાગે એટલી ચાલે...

આ નગરના બાલોદ્યાનની કેવી અવદશા થઈ; સર્કલ પાસે બનેલુ ફનવર્લ્ડ કેવુ વિસરાઈ ગયુ; મેટ્રો ટ્રેનના સ્વપ્ના પણ ધોળે દિવસે તારા જેવા છે હવે સ્માર્ટ રોડના નામે નવી વાતો શરૂ થઈ. આવજો... બહુ થયુ.

પણ અભિનંદન ગાંધીનગરવાસીઓને જન્મદિનના અને આ નગરની ઓળખને પુનઃ સ્થાપિત કરી બનાવી રાખવાનો સંકલ્પ લેવાની અપીલ કરૂ છુ.

# આબોહવાના ફેરફારો સામે સ્થિતિસ્થાપક ગુજરાત

છેલ્લાં કેટલાંક વર્ષોમાં હવામાનમાં થતા ફેરફારો – તેની ખરાબ અસરોના પરિણામે બનતી અભૂતપૂર્વ ઘટનાઓના આપણે સહુ સાક્ષી બન્યા છીએ. આ બધી ઘટનાઓથી ચેતી જઈ હવામાનમાં થતા ફેરફારોને સંલગ્ન બાબતો પરત્વે હવે વધુ ધ્યાન અને એકાગ્રતાપૂર્વક વિચાર કરવા માટે વૈશ્વિક ધોરણે સહુ એકમત અને સહમત થયા છે. હવામાન પરિવર્તનની આ અસરો અને ઘટનાઓ વિશ્વભરમાં સર્વત્ર જુદાજુદા સ્વરૂપે થતી અનુભવાય છે. જેમ કે તાપમાનના ઢાંચામાં ફેરફાર, અનિયમિત – વિલક્ષણ કહી શકાય તેવી વિલયન પદ્ધતિઓ, પહેલેથી અનુમાન ન કરી શકાય તેવા સૂકા અંતરાલો અને અનાવૃષ્ટિ કે દુકાળની સાથે તીવ્ર કહી શકાય તેવી આબોહવા વિષયક ઘટનાઓ. વૈશ્વિક તાપમાનમાં થતા જતા વધારાને કારણે દરિયાના પાણીની સપાટીનું સ્તર ઊંચુ આવી રહ્યું છે, જે બાબત દરિયાની આજુબાજુ રહેતા અને દરિયામાં રહેતા લોકોના જીવન માટે ખતરારૂપ છે.

હવામાનમાં થતા ફેરફારની આ અસરો કોઈ કોઈ વ્યક્તિને કે જનસમુદાયને જ અનુભવાય છે, એવું નથી. પરંતુ સમગ્ર દુનિયામાં સમાજના તમામ ક્ષેત્રોને તેનો અનુભવ થાય છે. આ ફેરફારોના પરિણામે રાષ્ટ્રીય અને પેટા – રાષ્ટ્રીય સ્તરના વિશ્વના નેતાઓ માટે સમયાંતરે વ્યૂહાત્મક હસ્તક્ષેપ કરવાનું જરૂરી બન્યું છે. જેથી આપણી ભાવિ પેઢી હવામાન પરિવર્તનની આ અસરો પ્રત્યે વધુ પરિવર્તનશીલ બને એ બાબત સુનિશ્ચિત થાય અને હવામાન પરિવર્તનની તીવ્ર અસરોથી તેમને સુરક્ષિત રાખી શકાય.

હાલમાં તો હવામાનમાં થતા ફેરફારોની આ અસરો આપણી પૃથ્વી સમક્ષ , તેના વિકાસની આડે આવતા મોટામાં મોટા અવરોધ જેવી આવીને ઊભી છે. હવે તે માત્ર પર્યાવરણીય સમસ્યા જ નથી રહી. હવે તેની આર્થિક અસરો પણ અનુભવાય છે. ગરીબ અને સમાજના નબળા લોકોના કિસ્સામાં તે વધુ જોવા મળે છે, ખાસ કરીને વિકાસશીલ દેશો સામે તેના નિયંત્રણનો બહુ મોટો પડકાર છે. વિકાસશીલ દેશો પાસે હવામાનની અસરોને અપનાવવા માટે જરૂરી સંસાધનો - સામાજિક, ટેકનોલોજીની દૃષ્ટિએ, અને નાણાંકીય દૃષ્ટિએ તેની સાથે અનુકૂલન સાધવા માટેનાં સંસાધનો - નો અભાવ હોવાથી એ લોકો તેનો ભોગ વધુ બને છે. હવામાનમાં થતા પરિવર્તનોના પરિણામે એવું અનુમાન છે કે આગામી થોડાક દાયકાઓમાં અબજો લોકોને અન્ન અને પાણીની તંગીનો સામનો કરવો પડશે. તેમના આરોગ્ય તેમજ જીવન માટે તે જોખમરૂપ બની રહેશે. દુનિયાભરના લોકો હવામાનમાં થતા પરિવર્તનના કારણે હાલમાં ઉદ્ભવતી અને ભવિષ્યમાં વધુ પ્રમાણમાં ખરાબ થનારી અસરો પ્રત્યે અનુકૂલન સાધી શકે તે સારુ સંગઠિત વૈશ્વિક પગલાં હાથ ધરવાની જરૂર છે.

**રૂફટોપ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રનું એક અન્ય ક્ષેત્ર છે, જેમાં કોઈ પણ સામાન્ય માણસ પોતાના ઘરની છત પર સોલર રૂફટોપ સિસ્ટમ લગાડી પોતાના વપરાશ માટેની વીજળી જાતે ઉત્પન્ન કરી શકે છે**

વિવિધ અહેવાલો અને વિશ્વમાં હાથ ધરાયેલ અભ્યાસના તારણોમાં આ પગલાં તાકીદે હાથ ધરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ અહેવાલમાં જણાવાયું છે કે તાપમાનમાં જો ૧-૨.૫ સેન્ટીગ્રેડ જેટલો પણ વધારો થાય તો તેની બહુ ગંભીર અસરો અનુભવવી પડશે. જેમ કે ઉષ્ણ કટિબંધના અત્યંત ગરમ પ્રદેશોમાં પાકની ઊપજમાં ઘટાડો થશે, તેના પરિણામે ભૂખમરો વેઠવાનો આવશે અને હવામાન પ્રતિ સંવેદનશીલ- હવામાનના લીધે થતા રોગો પણ ફેલાશે, તેમજ વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિની ૨૦-૩૦% જાતિઓ નાબૂદ થઈ જવાનું જોખમ છે.

ભારત દેશમાં, કેન્દ્ર સરકાર હવામાન પરિવર્તનની દિશામાં સક્રિય છે. તમામ વૈશ્વિક વાટાઘાટોમાં આ મુદ્દા પર તે બહુ ભારપૂર્વક ભારતદેશની વાત મૂકે છે. આપણું ગુજરાત રાજ્ય, રાજ્ય કક્ષાએ નીતિ વિષયક હસ્તક્ષેપ કરીને અને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વીઝન મુજબ રાજ્ય કક્ષાએ તેનો અમલ કરીને રાષ્ટ્રીય લક્ષ્યાંક અને ઉદ્દેશોની પરિપૂર્તિમાં પોતાનું યોગદાન આપે છે.

**ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા નવા બે – ૨ લાખ લાભાર્થીઓને સહાયિત દરે સોલર રૂફટોપ સિસ્ટમ પૂરી પાડવા વિચારાયું છે. આ માટે રૂ. ૧૦૦૦ કરોડ જેટલી મોટી રકમ ખાસ અંકિત કરવામાં આવી છે. ૨૦૨૨ ના વર્ષ સુધીમાં રાજ્ય સહાયકી દ્વારા વધુ ૬ લાખ લાભાર્થીઓને આ સિસ્ટમનો લાભ આપવા નક્કી કરાયું છે.**

ગુજરાત રાજ્ય હવામાનમાં થતા ફેરફારો સામે પરિવર્તનશીલ રાજ્ય બની રહેવાની દિશામાં પ્રગતિશીલ રહે અને વર્ષોવર્ષ વધુ ને વધુ આર્થિક વૃદ્ધિ હાંસલ કરે તે બાબત સુનિશ્ચિત થાય તે હેતુથી રાજ્યમાં અલાયદો હવામાન પરિવર્તન વિભાગ ( ખાતું ) ઊભો કરાયો છે, જે મૂળે તો માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું જ માનસ-સર્જન છે,

હવામાન પરિવર્તનની અસરોને ઓછી કરવાની અને સમગ્ર જનતા તે અસરોની સાથે અનુકૂલન સાધે તે માટેની પ્રતિબદ્ધતા સાથે હવામાન પરિવર્તન વિભાગ, દરેકે દરેક કાર્યક્ષેત્રમાં વિવિધ અનુકૂલન અને ઘટાડાલક્ષી પગલાં હાથ ધરી દરેક ક્ષેત્રે યોગ્ય વિકાસ થાય તે બાબત સુનિશ્ચિત કરવા મુખ્ય પ્રવાહમાં હવામાન પરિવર્તનના મુદ્દા પર ભાર મૂકે છે. ગુજરાત રાજ્ય પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતોને નાથવાની દિશામાં દેશભરમાં સર્વ પ્રથમ છે. વર્તમાન અને આગામી પેઢીઓને સ્વચ્છ, હરિયાળી અને પર્યાવરણને અનુકૂળ ઊર્જા પૂરી પાડવા અને ભાવિ વિકાસ માટે તે પ્રતિબદ્ધ છે.

છેલ્લાં ૨૦ થી વધુ વર્ષથી પોતાની સર્વગ્રાહી અને પર્યાવરણને અનુકૂળ પુનઃપ્રાપ્ય ઊર્જા નીતિઓના ઘડતર દ્વારા દેશભરમાં પહેલ કરીને ગુજરાત રાજ્યે દેશના અન્ય રાજ્યો માટે પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોને પ્રોત્સાહન પૂરું પાડી તેનો મહત્તમ ઉપયોગ કરાતો થાય તે માટે માર્ગ કંડારી આપ્યો છે.

ગુજરાત રાજ્ય ભૌગોલિક દૃષ્ટિએ વ્યૂહાત્મક સ્થળે આવેલું છે. અહીં વિવિધ પુનઃપ્રાપ્ય ઊર્જાની ભરપૂર સંભવિતતા છે. તેના ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયાકાંઠે પવન વેગપૂર્વક વહે છે, તેને નાથીને વીજળી ઉત્પન્ન કરી શકાય છે. એ જ રીતે આપણા રાજ્યને વર્ષમાં લગભગ ૩૦૦ થી વધુ સૂર્યપ્રકાશિત દિવસો મળે છે. આથી આ સૌર ઊર્જાને નાથીને તેનો ઉપયોગ કરવા માટે ભરપૂર તક મળી રહે છે. ગુજરાત રાજ્યમાં પવન ઊર્જાને નાથવા માટે દેશભરમાં સૌથી વધુ – ૮૫,૦૦૦ મે.વો. જેટલી શક્યતા રહેલી છે. એ જ રીતે રાજ્યના કુલ જમીન વિસ્તારના ૦.૮૫% વિસ્તારને પણ જો સૌર ઊર્જાને નાથવા માટે અલગથી રાખવામાં આવે તો, તેમાંથી પણ ૮૫,૦૦૦ મે.વો. જેટલી વીજળી ઉત્પન્ન કરી શકાય તેમ છે.

રાજ્યની સર્વગ્રાહી પુનઃપ્રાપ્ય ઊર્જા નીતિઓ થકી આજે આપણા રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જા થકી વીજ ઉત્પાદનની કુલ સ્થાપિત ક્ષમતા ૧૦,૩૭૬ મે.વો. છે. જેમાં ૭,૪૨૦ મે.વો. પવનવિદ્યુત ક્ષમતા, ૨,૮૨૧ મે.વો. સૌરવિદ્યુત ક્ષમતા, ૮૧ મે.વો. જૈવિક ઊર્જા થકી વીજ ઉત્પાદન ક્ષમતા અને ૫૩ મે.વો. નાની જળવિદ્યુત મથકોની ક્ષમતાનો સમાવેશ થાય છે. આ સઘળા પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રોજેક્ટો થકી વર્ષે ૧૯૦ લાખ ટન કાર્બન નિર્ગમ થતો અટકે છે- અંગારવાયુ વાતાવરણમાં ભળતો અટકાવી શકાય છે. વધુમાં, વર્ષે ૧૪૦ લાખ ટન કોલસાનો વપરાશ ટાળી શકાય છે, જે અન્યથા કોલસા થકી વીજ ઉત્પાદન કરવા માટે વાપરવાનું જરૂરી બન્યું હોત.

હાલમાં રાજ્યની કુલ વીજ ઉત્પાદન ક્ષમતાની સામે પુનઃપ્રાપ્ય ઊર્જાનો હિસ્સો ૨૯% છે. ઊર્જાની પરિભાષામાં વાત કરીએ તો પુનઃપ્રાપ્ય ઊર્જાનો હિસ્સો ૧૨% છે. હવામાનમાં થતા ફેરફારોનો સામનો કરવા પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતોના વપરાશને પ્રોત્સાહન પૂરું પાડવાની પોતાની પ્રતિબદ્ધતા સાથે આપણા ગુજરાત રાજ્યે થર્મલ વીજ મથકની ક્ષમતામાં બિલકુલ વધારો નહીં કરવાનો નિર્ણય કર્યો છે. અને ૨૦૨૨ ના વર્ષ સુધીમાં રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જા થકી કરાતા વીજ ઉત્પાદનની ક્ષમતા વધારીને ૩૦,૦૦૦ મે.વો. જેટલી કરવાનું નક્કી કર્યું છે.

રૂફટોપ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રનું એક અન્ય ક્ષેત્ર છે, જેમાં કોઈ પણ સામાન્ય માણસ પોતાના ઘરની છત પર સોલર રૂફટોપ સિસ્ટમ લગાડી પોતાના વપરાશ માટેની વીજળી જાતે ઉત્પન્ન કરી શકે છે. વપરાશ બાદ વધેલી વીજળી ગ્રીડમાં જમા કરાવીને પોતે આવક પણ રળી શકે છે. છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ૬૦,૦૦૦ થી વધુ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો છે. અને ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા નવા બે – ૨ લાખ લાભાર્થીઓને સહાયિત દરે સોલર રૂફટોપ સિસ્ટમ પૂરી પાડવા વિચારાયું છે. આ માટે રૂ. ૧૦૦૦ કરોડ જેટલી મોટી રકમ ખાસ અંકિત કરવામાં આવી છે. ૨૦૨૨ ના વર્ષ સુધીમાં રાજ્ય સહાયકી દ્વારા વધુ ૬ લાખ લાભાર્થીઓને આ સિસ્ટમનો લાભ આપવા નક્કી કરાયું છે.

રાજ્ય પાસે સોલર – વિન્ડ હાઈબ્રિડ પાવર પ્લાન્ટ – સૌર-પવન સંમિશ્ર વીજ મથક ઊભા કરવા માટે પણ નીતિ છે. આ નીતિ અંતર્ગત આગામી વર્ષોમાં ૩૦ ગીગાવોટ ક્ષમતાના પુનઃપ્રાપ્ય ઊર્જા પાર્ક – રિન્યુએબલ એનર્જિ પાર્ક - માટે ૬૦,૦૦૦ હેક્ટર જમીન સરકારે અંકિત કરી છે. પવન ઊર્જા, સૌર ઊર્જા, નગરપાલિકાનો ઘન કચરો, નાની જળ વિદ્યુત જેવા વિવિધ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતો થકી વીજળી ઉત્પન્ન કરવા, ઉત્પન્ન થયેલ વીજળી વીજ તંત્રને વેચવા માટે અથવા તો પોતાના ઉપયોગ માટે વાપરવા અથવા ઉત્પન્ન થયેલ વીજળીના ત્રીજા પક્ષકારને વેચાણ માટે વીજ ઉત્પાદન મથક સ્થાપવા હાલમાં રાજ્યમાં વિવિધ મૂડીરોકાણકારો માટે સર્વગ્રાહી અનેક નીતિ અમલમાં છે.

દેશમાં સ્થાપિત કુલ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતામાં આપણા ગુજરાત રાજ્યનું યોગદાન લગભગ ૧૨% જેટલું છે. અને તેમાં સતત વધારો થતો રહેશે. ૨૦૨૨ ના વર્ષ સુધીમાં રાજ્યમાં પૂરી પડાતી કુલ વીજળીના ૪૦% જેટલી વીજળી પુનઃપ્રાપ્ય ઊર્જા થકી કરાતા વીજ – ઉત્પાદન દ્વારા પૂરી પાડવામાં આવશે.

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) ગુજરાત રાજ્યમાં ઉપર જણાવેલ વિવિધ નીતિઓના અમલનું કામ કરતી અને રોકાણકારોને પ્રોજેક્ટના- પ્રાયોજનાના અમલ માટે સુવિધા પૂરી પાડવાનું કામ કરતી રાજ્યની નોડલ – મધ્યવર્તી એજન્સી છે.

**ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) ગુજરાત રાજ્યમાં ઉપર જણાવેલ વિવિધ નીતિઓના અમલનું કામ કરતી અને રોકાણકારોને પ્રોજેક્ટના- પ્રાયોજનાના અમલ માટે સુવિધા પૂરી પાડવાનું કામ કરતી રાજ્યની નોડલ – મધ્યવર્તી એજન્સી છે.**